## ફરીયાદપક્ષની આખરી દલીલના તબકકે પોતાનો પુરાવાનો હકક ખોલી આપવાની આંક–૫૧ની અરજી લગત હુકમ

(૧) ફરીયાદપક્ષના આખરી દલીલના તબકકે ફરીયાદપક્ષની દલીલપુર્ણ થયા બાદ બચાવપક્ષની દલીલ સાંભળવામાં આવેલ અને બચાવપક્ષે પોતાની આખરી દલીલમાં આંક–૩૫ના રીર્ટન મેમોમાં આંક–૩૪વાળા ચેકમાં લખાયેલ ૧૪લાખની રકમ નહી પરંતુ ૧,૪૦,૦૦૦/–ની રકમનો રીર્ટન મેમો બેંક ધ્વારા આપવામાં આવેલ હોય જેથી કાયદા મુજબ તેવી ફરીયાદ તકવાપાત્ર ન હોવા અંગે પોતાની આખરી દલીલમાં બચાવપક્ષે નામ. દીલ્હી હાઇકોર્ટનું શર્મા વેલ્ડીંગ સ્ટોર એન્ડ અધરસ વીરુધ્ધ ફોરચ્યુન વેલ્ડના તેમજ કાવેરી પ્લાસ્ટીક વિરુધ્ધ મહેદુદ બાબા બહારુદીન નુરુલના નામ. સુપ્રિમકોર્ટના ચુકાદા પર આધાર રાખેલ અને હાલની ફરીયાદ રદ કરવાની આખરી દલીલ કરેલ. ત્યારબાદ બચાવપક્ષની દલીલના સંદર્ભમાં ફરીયાદપક્ષે તે જ દીવસે હાલની આંક–૫૧ની અરજી આપી કોર્ટને પોતાની અરજમાં જણાવેલ છે કે, આ કામમાં આખરી દલીલના સ્ટેજ ઉપર કેસ આવેલ છે ત્યારે ફરીયાદીના વકીલનું ધ્યાન આંક–૩૫વાળા રીર્ટન મેમો ઉપર આવેલ જેમાં બેંકના અધિકારીથી ટાઇપોગ્રાફીકલ એરરના લીધે ૧૪,૦૦,૦૦૦/– પુરાના ચેકમાં રીર્ટનમેમોમાં ૧,૪૦,૦૦૦/– આંકડામાં ભુલ દેખાય આવતી હોય જેથી ચેક ૧૪,૦૦,૦૦૦/– નો છે. જેની તા.૨૧/૦૬/૨૦૨૧ છે અને તે ચેક એસ.બી.આઇ. ચરાડવાબેંકનો છે અને રીર્ટન મેમો પણ એસ.બી.આઇ. ચરાડવા બેંકનો છે અને તા.૨૧/૦૬/૨૦૨૧ના રકમ રૂા.૧,૪૦,૦૦૦/– રીર્ટનમેમો એસ.બી.આઇ. ચરાડવાબેંકે ચેક નં.૪૨૧૬૫૫ અંગે બતાવેલ છે જે ખરેખર ૧૪,૦૦,૦૦૦/– છે. માત્ર એક ઝીરો બ્રાંચ મેનેજરથી લખવામાં આવેલ નથી. જે ધ્યાને લેવા અરજ છે અને આ કામમાં અમારો કેસ ચેક, ચેકનો

રીર્ટના મેમોના આધારે દાખલ કરેલ છે જેથી અમારો પ્રાઈમાફેસી કેસ છે તે સાબિત કરવાની જવાબદારી અમારા ઉપર છે જે ધ્યાને લેવા અરજ છે. તેમ જણાવી આ કામના આરોપીના વકીલે આખી ટ્રાયલમાં રીર્ટન મેમો સંબંધી તકરાર કરેલ નથી અને અમારી લેણી રકમ સાબિત કરવાની હોય જેથી બેંકના અધિકારીને સાક્ષી તરીકે બોલાવવા માટે હાલની અરજી મંજુર કરવા અરજ કરતી રજુઆત કરેલ છે.

(૨) હાલની અરજીના અનુંસંધાને આંક–પરથી લેખિત જવાબ વાંધા આપી બચાવપક્ષે પોતાના વાંધા ઉપસ્થિત કરી પોતાના હકક ઓપન કરવાની અરજીમાં દર્શાવેલ કોઈ જ પેરાની હકીકત ખરી નથી. અને કાયદા મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના ચેક બાઉન્સ કેસમાં જયાં ફરીયાદી તથા આરોપી બન્ને તર્ફે આરગ્યુમેન્ટ સાંભળી હોય અને નામ. કોર્ટે જયાં હાલની અરજીમાં જે રજુઆત કરે તે અંગે તેમણે દલીલમાં કયાંય મુદ્દો ઉઠાવેલ જ ન હતો પરંતુ અમો આરોપીના વકીલશ્રી તરફથી દલીલ કરેલ તે દલીલના સ્ટેજે ટેકનીકલ મુદ્દો, ચેકની રકમ તથા રીર્ટન મેમોમાં જણાવેલ રકમની લગત અંગેનો ઉઠાવીને નામ. સુપ્રિમકોર્ટનો ચુકાદો આરોપીના વકીલ તરફથી નામ. કોર્ટને આપેલ અને તે મુદ્દો ધ્યાને લેવા અરજ પણ કરેલ અને ત્યારબાદ હાલની ફરીયાદ વજુદ વગરની કાયદાની જોગવાઈ વિરુધ્ધની અરજી કરી પુરાવાનો હકક ખોલવા રજુઆત કરેલ છે. ખરેખર તે ગ્રાહય રાખવાપાત્ર જણાતું ન હોય અરજી નામંજુર કરવા અરજ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, સામાવાળા તરફથી કોઈ જ નવો મુદ્દો હાલના કેસમાં ઉઠાવેલ જ નથી. ફરીયાદી તરફથી જે ફરીયાદ દાખલ કરેલ છે તે મુજબ તેમની ફરીયાદમાં પણ ચેક નં.૧૪,૦૦,૦૦૦/– પુરા બતાવેલ છે જે નોટીસ ફરીયાદીએ આપેલ તે આ કામના આરોપીને ચેક રીર્ટનમેમો આધારે પાઠવેલ અને તે નોટીસમાં પણ લેણાની રકમ રૂા.૧૪,૦૦,૦૦૦/– પુરા

હાલના ફરીયાદી તરફથી બતાવેલ અને ત્યારબાદ ફરીયાદ ફાઇલ કરી પુરાવો લઇને ફરીયાદી તરફથી નામ. કોર્ટને પુરાવો પાઠવેલ છે અને કેસમાં કોઇ જ વિશેષ પુરાવો રજુ કરેલો નથી અને ત્યારબાદ ફરધર સ્ટેટમેન્ટ આપવામાં આવેલ છે અને ત્યારબાદ સામાવાળા તરફથી કલોઝીંગ પુર્સીસ આપ્યા બાદ સદર કેસ ફાઇનલ દલીલના સ્ટેજ ઉપર આપેલ. ત્યાં સુધી કોઇ જ પુરાવાનો હકક ઓપન કરવા રજુઆત કરતી ફરીયાદીએ કોઇ જ અરજી આપેલ નથી. ખરેખર તો ફરીયાદી પોતે કેસ લઇને આવેલ છે અને તેઓ તરફથી રજુ કરેલ ડોકયુમેન્ટની પુરતી તપાસણી કરી ફરીયાદ ફાઇલ કરવાની જવાબદારી તેઓની છે અને કેસ પુરવાર કરવાનો બાધ પણ ફરીયાદી ઉપર જ છે જે હકીકત નેગોશીયેબલ ધારાની જોગવાઇ મુજબ જોવા મળે છે. ફરીયાદી ખુદ રીર્ટન મેમોની અંદર જણાવેલ રકમ ૧,૪૦,૦૦૦/– પુરા ભુલથી લખાવેલ છે તવું કયાંચ નામ. કોર્ટ સમક્ષ પુરાવો પુરો થયા દરમ્યાન જણાવેલ નથી. અને ફરીયાદીની ફરજ છે કે બેંક અધિકારી જે ચેકની ફરીયાદ અંગે સાહેદ તરીકે તપાસવા જરૂરી હતા તેમ છતાં માત્ર આકે પાડવાની આંક–૫ની અરજી મંજુર થતાં ફરીયાદીના રજુ કાગળોને પુરવાર કરવાની શરતે કોર્ટ તરફથી અરજી મંજુર થતા ફરીયાદવાળા ચેકને આંક–૩૪ તથા રીર્ટનમેમોને આંક–૩૫ તથા નોટીસને આંક–૩૭ પડેલ. પરુતુ આ કામના ફરીયાદીએ જે સમયે બેંક અધિકારીને તપાસેલ હોત તો હાલની અરજીમાં જણાવેલ મુદ્દાની તપાસ થઇ શકી હોત પંરતુ નામ. કોર્ટમાં આવો કોઇ જ મુદ્દો ફરીયાદીએ ઉઠાવેલ જ નથી અને જયાં ટેકનીકલ મુદ્દા ઉપર આરોપીને છુટવાના હકક અધિકાર રહેલ હોય તેની દલીલ આરોપી તરફથી થતા તે મુદ્દાને વશ કરવા હાલની રજુઆત વાળી અરજી આપી શકાતી જ નથી. જેથી તેને રદ કરવા અને હાલની ફરીયાદમાં આખરી ચુકાદો આપવા અરજ કરતી દલીલ કરેલ છે. આમ, સમગ્રપણે પોતાની અરજીમાં જણાવેલ

હકીકતો અંગે ફરીયાદપક્ષે જયારે એડમીશન કરેલ હોય તો તે અંગે તકરાર ઉપસ્થિત કરવા ફરીયાદીની ખુદની ભુલ હાલના કેસમાં થયેલ છે તેનો બેનીફીટ આરોપીને મળી શકે. અને તે તબકકે આરોપીના લાભમાં ચુકાદો આવતો હોય ત્યાં આવા મુદ્દા ઉઠાવીને કેસ પ્રોસીડીંગ લંબાવી શકાતા જ નથી. જેથી ફરીયાદીની પેરા–જની રજુઆત જોતાં આરોપીના લાભનો જે મુદ્દો કાયદા મુજબનો જણાતો હોય તેની રજુઆત ફરીયાદીને લાભકારી થવા માટે ઉલટમાં જણાવું ફરજીયાત નથી. વળી ફરીયાદીના જણાવ્યા મુજબ લેણી રકમ સાબિત થયાનું જણાવે છે તે અંગે નામદાર કોર્ટ સમક્ષ ટ્રાયલ પુરી થયેલ છે અને એફ.એસ. લીધા બાદ ફરીયાદીએ દલીલ પણ કરી દીધેલ છે અને આરોપી તરફથી પણ દલીલ થઇ ગયેલ છે ત્યારબાદ હાલની અરજી કાયદા મુજબ ટકી શકે તેમ ન હોય નામજુર કરવા અરજ કરતા વાધાં જવાબ રજુ રાખેલ છે.

(૩) હાલની અરજી પરત્વે અરજીની વિગતો વંચાણે લીધી તથા બચાવપક્ષે તે અંગે રજુ રાખેલ આંક–પરના વિગતવારના વાંધા જવાબ વંચાણે લીધા. તેમજ પોતાની દલીલના સમર્થનમાં રજુ રાખેલ નામ. દીલ્હી હાઇકોર્ટ તથા નામ. સુપ્રિમકોર્ટના ઉપરોકત જણાવેલ ચુકાદાઓને માનપુર્વક વંચાણે લીધા તેમજ તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો સાથે અત્રેની અદાલત નમ્રપણે સમંત થાય છે. આ કામે આંક–પ૧ની અરજી પરત્વે ફરીયાદપક્ષે વિ.વ.શ્રી. ડી.એચ.પંડયા તેમજ બચાવપક્ષે વિ.વ.શ્રી પી.ડી.ઠાકરને વિગતવાર સાંભળવામાં આવેલ છે. હાલના કેસમાં બન્નેપક્ષોની રજુઆત જોતાં કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને લેતાં કોર્ટે પોતાની સમક્ષની ટ્રાયલ દરમ્યાન ઉપસ્થિત થતી તકરાર અંગે આખરી નિર્ણય કરતા તે અગાઉ જો તે તકરાર રેકર્ડ પર બોનાફાઇડ હોવાનું જણાય આવતું હોય અને હકક ખોલાવાની અરજી કરનાર પક્ષ કેસ કાર્યવાહી

વિલંબીત કરવાના આશયથી અથવા તો બચાવપક્ષનો હકક માર્યો જાય તેવા આશયથી અરજ ગુજારેલ હોય તેવા સંજોગોમાં કોર્ટ તેવા પક્ષકારના મલીન ઈરાદાને કાયદાનું સમર્થન આપી અરજી મંજુર કરી શકે નહી. પંરતું હાલના કેસમાં ફરીયાદપક્ષની ઉપરોકત રજુઆતને ધ્યાને લઈ અરજી મંજુર કરવામાં આવે તો બચાવપક્ષને પણ પોતાની આખરી દલીલમાં ઉપસ્થિત કરેલ તકરાર અંગે ખરેખર જો તે તકરાર સત્ય હોય તો ઉલટતપાસની તક સંપુર્ણપણે મળી રહેવાની જ છે. આમ, આ કામે ઉપરોકત કારણોસર રજુ રાખેલ ચુકાદાઓના કેસની હકીકતો હાથપરના કેસની હકીકતોથી અલગ હોય લાગુ પાડી શકાય તેમ ન હોય,જે જોતાં ન્યાયના વિશાળ હીતમાં હાલની અરજી પરત્વે આખરી દલીલના તબકકે કેસ કાર્યવાહી ફરીયાદપક્ષના કસુરના કારણે વિલંબીત થતી હોય અને સદર કેસ સને–૨૦૨૨ના વર્ષનો જુનો કેસ હોય તે હકીકતને ધ્યાને રાખી ન્યાયના વિશાળ હીતમાં હુ નીચે મુજબ હુકમ કરવાની ન્યાયી માનુ છું.

**:: હુકમ ::**

ફરીયાદપક્ષે બચાવપક્ષને રૂા.૫૦૦૦/– કોસ્ટ ચુકવ્યેથી ફરીયાદપક્ષની હાલની અરજી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે અને વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે ફરીયાદપક્ષે વિના વિલંબે પોતાની કેસ કાર્યવાહી ચલાવી લેવી.

હુકમ આજ તારીખ: ૨૫મી માહે:માર્ચ, સને ૨૦૨૬ના રોજ હળવદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫/૦૩/૨૦૨૬ (નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.